## SURAT MUNICIPAL CORPORATION
## WEST ZONE
## QUOTATION/CONSENT FORM

**QUOTATION NO. Addi. City Engineer/West zone /65/2025 - 26** DATE:09/01/2026

**Name of Work:** પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ ઈચ્છાપોર ગામ માં આવેલ આંગણવાડી કેન્દ્ર નં– ઈચ્છાપોર ૧, ઈચ્છાપોર ૨, ઈચ્છાપોર ૪, ઈચ્છાપોર ૫ અને ઈચ્છાપોર ૬ તથા ભાટપોર ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્ર નં– ભાટપોર ૨ ના જર્જરીત મકાનને તોડી પાડવાનું કામ.

| | |
|---|---|
| **ESTIMATED AMOUNT :Rs. ----** | **EMD AMOUNT: Rs.5,900=00** |
| **validity period : 120 Days** | **Agency Category** : "E-2" |

**Required Documents**

| | | |
|---|---|---|
| 1 | Solvency Certificate (20% Of Estimated Amount not older than one year) | Yes |
| 2 | Registration Certificate or Registration of Firm | Yes |
| 3 | PF & GST Registration Certificate | Yes |
| 4 | Experience Certificates | Yes |
| 5 | Form No. 3A/ Work order | Yes |
| | | |

**QUOTATION/CONSENT AVAILIBILITY**

| | |
|---|---|
| ISSUING AUTHORITY | Executive Engineer, West Zone, Surat |
| ISSUING OFFICE | Administrative office, West Zone(Rander), Balasaheb Devras Road, Tadwadi, Rander, Surat |
| INVITING AUTHORITY | Executive Engineer, West Zone, Surat |
| **Submition Date** | **Last date:23/01/2026** |
| | **SUBMITTED To,** |
| Time : 18.00 P.M. | EXECUTIVE ENGINEER<br>ADMINISTRATIVE BUILDING, WEST ZONE (RANDER),<br>BALASAHEB DEVRAS ROAD, TADWADI, RANDER,<br>SURAT |

GST CLAUSE FOR CONSTRUCTION/ ERECTION/ COMMISSIONING/ INSTALLATION/ REPAIRS/ MAINTENANCE/ RENOVATION/ FABRICATION OF STRUCTURE INCLUDING BUILDING (MEANS ALL WORKS CONTRACT/ TURN KEY PROJECT/ SUPPLY OF MATERIAL/ GOODS)

GST (Goods and service tax has come in existance from 1st July, 2017. Contractor / Successful Bidder is bound to pay any amount of GST prescribed by the govt. of India as per the terms of contract agreed upon during the course of execution of this contract.

During the course of execution of contract, if there is any change in rate if GST (Goods and Service Tax) by the Government, the same shall be reimbursed/recovered separately by SMC. subject to the submission of original receipt/proof for the amounts actually remitted by the contractor/ successful Tenderer to the competent Authority along with a certificate from Chartered Accountant of contractor/ successful Tenderer certifying that the amount of GST paid to the government and the same shall be intimated/submitted/claimed within 30 (Thirty) days from the date of payment. Remittance of GST within stipulated period shall be the sole responsibility of the successful contractor/Tenderer, failing which SMC may recover the amount due, from any other payable dues with SMC and decision of Municipal Commissioner shall be final and binding on the contractor/ successful Tenderer in this regard. Further, the non-payment of GST to the government may lead to the termination of contract and forfeiture of security Deposit/Performance Guarantee Amount.

If imposition of any other new taxes/Duties/levies/Cess or any other incidentals etc. or any increase in the existing taxes/Duties/Levies/Cess or any other incidentals etc. (Excluding GST) are imposed during the course of the contract, the same shall be borne by the successful contractor/Tenderer only, in no case SMC shall be liable for the same.

SIGNATURE OF ISSUING AUTHORITY

sd/-

EXECUTIVE ENGINEER
WEST ZONE
SURAT MUNICIPAL CORPORATION

સુરત મહાનગરપાલિકા

પશ્ચિમ ઝોન (રાંદેર)

(હાઉસીંગ વિભાગ)

—: ટેકનીકલ બીડ :—

# Cover -1

**સુરત મહાનગરપાલિકા**

**પશ્ચિમ ઝોન (રાંદેર)**

**(હાઉસીંગ વિભાગ)**

**—: ટેકનીકલ બીડ :—**

**કામનું નામ** :- પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ ઈચ્છાપોર ગામ માં આવેલ આંગણવાડી કેન્દ્ર નં– ઈચ્છાપોર ૧, ઈચ્છાપોર ૨, ઈચ્છાપોર ૪, ઈચ્છાપોર ૫ અને ઈચ્છાપોર ૬ તથા ભાટપોર ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્ર નં– ભાટપોર ૨ ના જર્જરીત મકાનને તોડી પાડવાનું કામ.

| | | |
|---|---|---|
| ૧ | અંદાજીત રકમ | |
| ૨ | બાનાની રકમ (EMD) | રૂ.૫,૦૦૦–૦૦ પૈ. |
| ૩ | ભાવ પત્રક જમા કરવાની અંતિમ તારીખ | તા. ૨૩ /૦૧ /૨૦૨૫ |
| ૪ | લાયકાત | આ પ્રકારના સમાન કામના અનુભવી |
| ૫ | કામની સમય મર્યાદા | ૦૧ (એક) માસ |

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

સદર ભાવ પત્રક અંગેની વિસ્તૃત માહિતી સુરત મહાનગરપાલિકાની પશ્ચિમ ઝોન (રાંદેર) ની કચેરીએ હાઉસીંગ વિભાગ માંથી રજાના દિવસો સિવાય ઉપલબ્ધ થશે.

# સુરત મહાનગરપાલિકા
# પશ્ચિમ ઝોન (રાંદેર)
## –: ટેકનીકલ બીડ :–

**ઈજારદારને અગત્યની સુચના :–**

૧. શરતી ભાવ પત્રક રદ થવાને પાત્ર રહેશે.
૨. સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી.
૩. બાનાની રકમ (EMD) ફકત કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામના ચેક અથવા ડીમાન્ડ ડ્રાફટથી જ સ્વીકારવામાં આવશે.
૪. ભાવ પત્રક માં જણાવ્યા મુજબની વિગતો તથા ડોકયુમેન્ટ સાથે અચુક સામેલ રાખવી. આ વિગતો વગરનાં ભાવ પત્રક ધ્યાનમાં લેવામાં આવશે નહી.
૫. આ પ્રકારના સમાન કામના અનુભવના પ્રમાણપત્ર (સરકારી / અર્ધસરકારી) તેમજ અન્ય તમામ જરૂરી પત્રક પ્રમાણિત કરી રજુ કરવાના રહેશે.
૬. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ / સંસ્થાનું નોંધણી પત્રક રજુ કરવાનું રહેશે.
૭. આ પ્રકારના સમાન કામની વિગત તેની કિંમત સાથે જે તે સંસ્થા / ડીપાર્ટમેન્ટના સક્ષમ સત્તાધીશ ધ્વારા ઈસ્યુ થયેલા હોવા જોઈશે. (વર્ક કમ્પલિશન સર્ટીફિકેટ – છેલ્લા ૦૭ (સાત) વર્ષના)
૮. જો આપની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની ઝેરોક્ષ કોપી (પ્રમાણિત નકલ) રજુ કરી સાથે થયેલ કરાર બતાવવાના રહેશે.
૯. પી.એફ. અને જીએસ.ટી. રજીસ્ટ્રેશન ફરજીઆત પણે રજુ કરવાનું રહેશે.
૧૦. અંદાજીત રકમના ૨૦% મુજબ નેશન્લાઈઝ બેંકનું સોલવન્સી સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.
૧૧. ઈજારદારે સદર ભાવપત્રક માં સુચિત કરેલ જગ્યાએ પોતાના સહી–સિકકા કરી રજુ કરવાના રહેશે . ભાવપત્રક ના કોઈ કાગળ કાઢી લેવામાં આવશે અથવા સહી–સિકકા કરેલ ન હશે તો ભાવપત્રક રદ બાતલ ગણવામાં આવશે. તેમજ બાનાની રકમ (EMD) જપ્ત કરવામાં આવશે.
૧૨. ઈજારદારે સદર ભાવપત્રક જમાં કરતી વખતે નીચે મુજબ જમાં કરાવવાનું રહેશે.
Cover - 1 :– ટેકનીકલ બીડ, માંગ્યા મુજબના તમામ ડોકયુમેન્ટ, બાનાની રકમ (EMD) વિગેરે
Cover - 2 :– પ્રાઈઝ બીડ
Cover – 3 (મુખ્ય કવર) :– Cover - 1 અને Cover - 2
૧૩. સદર ભાવપત્રકની વેલીડીટી પ્રાઈસ બીડ ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસો વીસ) દિવસ સુધી ગણાશે.
૧૪. ઉપરોકત સર્વે સુચના મે વાંચી છે અને તે જાણમાં લીધી છે.

**ઈજારદારની સહી અને સીકકો :–**

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

# સુરત મહાનગરપાલિકા
# પશ્ચિમ ઝોન (રાંદેર)
## —: ટેકનીકલ બીડ :—

બાનાની રકમ (EMD) **પરત કરવા અંગેના હાલના નિયમો :—**

૧. ભાવપત્રક મળ્યા બાદ બધા જ ઈજારદારની બાનાની રકમ (EMD) જયાં સુધી ભાવપત્રક અંગે સક્ષમ સત્તાની મંજુરી મળે નહી ત્યાં સુધી જમા રાખવામાં આવશે.

૨. સક્ષમ સત્તાની મંજુરી મુજબ કામની સોંપણી થયેલ ઈજારદાર ધ્વારા મંજુર ઓફરના નાણાં ભર્યેથી અન્ય ઈજારદારની બાનાની રકમ (EMD) છુટી કરવામાં આવશે. જયારે પણ બાનાની રકમ (EMD) રીફંડ મેળવવા અન્ય ઈજારદાર અરજી કરે ત્યારે પોતાનું નામ, પુરૂ સરનામુ કયા કામ માટે ડીપોઝીટ ભરેલ તેની વિગત ભરેલી રકમ, રસીદ નંબર અને તારીખ વિગેરે જણાવવાનું રહેશે.

૩. કામની સોંપણી થયેલ ઈજારદાર ધ્વારા સ્થળ પર કામગીરી કર્યેથી એક માસના સમયગાળા પછી બાનાની રકમ (EMD) રકમ છુટી કરવામાં આવશે.

૪. ઉપરોકત નિયમો વિરૂધ્ધ, ઈજારદાર ધ્વારા બાનાની રકમ (EMD) બાબતે કોઈ શરતો મુકવામાં આવશે, તો તે રદ ગણવામાં આવશે અને તેને ધ્યાને લેવામાં આવશે નહી તેની નોંધ લેવી.

૫. ભાવપત્રકમાં જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગે ઈજારદારની કોઈ પણ પ્રકારની રજુઆતને ગ્રાહય રાખી શકાશે નહી.

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

**ઉપરોકત નિયમો વાંચી આ સાથે બાનાની રકમ (EMD) + ૧૮% GST ના રૂા. ૫,૦૦૦—૦૦ પૈ. + રૂા.૯૦૦—૦૦ પૈ. નો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો ડિમાન્ડ ડ્રાફટ/ચેક સામેલ કરવાનો રહેશે.**

**(નોંધ : બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ ટેકનીકલ બીડના કવરમાં બિડાણ કરવાનો રહેશે. ટેકનીકલ બીડ સાથે બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ સામેલ ન હશે તો પ્રાઈસ બીડ ખોલવામાં આવશે નહી.)**

**કોન્ટ્રાકટરની સહીઃ—**

# સુરત મહાનગરપાલિકા
# પશ્ચિમ ઝોન (રાંદેર)
## –: ટેકનીકલ બીડ :–

**શરતો :–**

૧. હયાત ઈમારત જયાં જે હાલમાં છે તે હાલતમાં ત્યાંથી ફાઉન્ડેશન / ફુટીંગ સહિત તોડી પાડી જગ્યા હયાત રસ્તા લેવલે સમતલ કરી માલસામન લઈ જવાની શરતે આપવામાં આવે છે.

૨. સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી.

૩. કોઈપણ ભાવપત્રક સ્વીકારવાનું અને કોઈપણ અથવા બધા ટેન્ડરો રદ કરવાનો અધિકાર સુરત મહાનગર પાલિકાને અબાધિત રહેશે.

૪. ઈજારદારને ભાવપત્રક સાથે જરૂરી એવી બાનાની રકમ રૂા. ૫૦૦૦/– ભાવપત્રક સાથે કમિશ્નરશ્રીના નામના સુરત ખાતેની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર થી અચુક જમા કરાવવાનો રહેશે.

૫. અન્ય રીતે ભરવામાં આવેલ બાનાની રકમ સાથેના અને બાનાની રકમ ભર્યા સિવાયના ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે.

૬. ઈજારદારએ તોડવા માટેના ઈમારતનું રૂબરૂ નિરીક્ષણ કરી કાટમાલમાં આવતી જુદીજુદી આઈટમોનો જથ્થો ગુણવતા તથા અન્ય બીજી બાબતોની જાણ અનુભવ કર્યા પછી ભાવપત્રક ભરવાનું રહેશે. આ અંગે પાછળથી કોઈપણ જાતની કાર્યવાહી કે તકરારને ધ્યાનમાં લેવામાં આવશે નહિં.

**નોંધ :– મિલ્કતમાં હયાત ફર્નીચર, ઈલેકટ્રીકલ આઈટમો, ફાયર ફાઈટીંગને લાગત આઈટમો તથા કંમ્પાઉન્ડ વોલ ને આપશ્રી દ્વારા આપવામાં આવતી ઓફરમાં સમાવેશ કરવાનો રહેશે નહિ.**

૭. ઈજારદારનું ભાવપત્રક સ્વીકારવાનો પત્ર મળ્યેથી ઈજારદારે ભાવપત્રકમાં જણાવેલ ઓફરના નાણાં અત્રેની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના હિસાબ ખાતામાં જમા કરાવવાની રહેશે. અને તે અંગેની નાણાં ભર્યાની રસીદ રજુ કર્યા બાદ તથા સ્થળ પર ઈમારતની ફરતે જરૂરીયાત મુજબની સેફટી બેરીકેટ ફરજીયાત કર્યા બાદ હયાત ઈમારત તોડફોડ કરવાનો (ઉતારવાનો) હુકમ આપવામાં આવશે.

૮. ભાવપત્રકમાં જણાવેલ પુરે પુરી કિંમત વર્કઓર્ડર મળ્યેથી દિન –૧૦ (દસ) માં જમા ન કરાવવામાં આવશે તો ઈજારદારનું ભાવપત્રક આપોઆપ રદબાતલ ગણી લેવામાં આવશે અને ભરેલ બાનાની રકમ જપ્ત કરી લેવામાં આવશે.

૯. હયાત ઈમારત તોડતા આજુબાજુના વિસ્તારમાં રહેતા માણસોને, મિલ્કતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતી ન થાય તેની ઈજારદારે તકેદારી રાખવાની રહેશે. તેમ છતાં જો કોઈ મુશકેલી,

નુકશાન કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે કોઈપણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિં.

૧૦. હયાત ઈમારતને તોડી તેને જમીનદોસ્ત કરી જગ્યા સાફસફાઈ, ચોખ્ખી કરી હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની રહેશે.

૧૧. જરૂરી એવા જકાતવેરા, વેચાણવેરા તથા અન્ય કોઈપણ પ્રકારના રાજય / કેન્દ્રીય સરકારના તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર નથી.

૧૨. હયાત ઈમારતને તોડતા કે ઉતારતા માણસોને તથા આસપાસના રહીશો / રાહદારોને કોઈપણ જાતની શારિરીક ઈજાઓ કે જાનહાનિ કે અન્ય કોઈ બીજુ નુકશાન થાય તેની સંપુર્ણ તકેદારી ઈજારદારે રાખવાની રહેશે તેમ છતા જો આ અંગે કોઈ પણ બનાવ બને તો તેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને તે અંગેનો સંપૂર્ણ ખર્ચ / વળતર ઈજારદારે ચુકવવાનું રહેશે.

૧૩. હયાત ઈમારતને તોડતા પહેલા સંપૂર્ણ સાઈટનું સ્થળ નિરીક્ષણ કરી સુરક્ષા પ્રસાધનો, એરીયા બેરીકેડીંગ વિગેરે પુરા પાડવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૧૪. ઈજારદારે આ ઈમારત તોડવાની કામગીરી વર્કઓર્ડર મળ્યેથી ૦૧ (એક) માસ માં કામ પુરી કરવાની રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો તેની ઉપર મંજુર ઓફર રકમના ૧% પ્રતિદિન લેખે ચાર્જ લઈ ઈજારદારના ખર્ચે અને જોખમે આ કામ કરાવી લેવામાં આવશે.

૧૫. હયાત ઈમારત તોડવા અંગેની સાઈટ ઉપર તમામ જરૂરી એવી કે અન્ય કોઈ સુવિધાઓ કે જરૂરીયાત ઈજારદારે પોતે કરવાની રહેશે.

૧૬. ભાવપત્રકમાં ભાવ / રકમ આંકડામાં તથા શબ્દ માં ભરવાની રહેશે. તેમજ જયાં જયાં છેકછાક કરી હોય ત્યાં ઈજારદારે ટુંકી સહી કરવાની રહેશે.

૧૭. ઈજારદાર આ ભાવપત્રકની શરતમાં કોઈ ફેરફાર કરશે અથવા પોતાના લેટરપેડ પર કોઈપણ વધારાની શરતો રજુ કરશે તો તે મહાનગરપાલિકા ધ્યાન માં લેશે નહિં કે તેમ કરવા મહાનગરપાલિકાને ફરજ પાડી શકાશે નહિ. આવી શરતો મહાનગરપાલિકાને કોઈપણ સંજોગોમાં બંધનકર્તા રહેશે નહિં. આ પ્રકારનું ભાવપત્રક રદ કરવાને પાત્ર રહેશે.

૧૮. ઈજારદારે કોઈપણ પત્રકો, શરતોના કાગળો કાઢી લેવાના નથી જો તેમ કરવામાં આવશે તો તેને ઈરાદાપૂર્વક ગેરરિતી ગણી તેમની સામે મહાનગરપાલિકા કાયદેસરની કાર્યવાહી કરશે તથા અનામતની રકમ જપ્ત કરશે.

૧૯. ભાવપત્રકમાં ભરેલા ભાવપત્રક /રકમ સ્વીકારવા માટે ભાવપત્રક ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસોવીસ) દિવસ સુધી વેલીડીટી ગણાશે. ઉપરોકત જણાવેલ ૧૨૦ દિવસની સમયમર્યાદા સુધીમાં ટેન્ડરર / ભાવપત્રક ભરનાર ઈજારદાર પોતાના ભાવપત્રકમાં કોઈપણ જાતનો સુધારો વધારો કરી શકશે નહી.

૨૦. ભરવામાં આવેલ બાનાની / સીકયોરીટી અનામત પર કોઈપણ સંજોગોમાં વ્યાજ આપવામાં આવશે નહિં.

૨૧. ઈજારદારે મિલકત સંપૂર્ણ ઉતારી, જમીનદોસ્ત કરી સાફસફાઈ ચોખ્ખી કરી,જમીનના હયાત રસ્તાના

લેવલે સમતલ કરે ત્યારબાદ જ મિલકત માંથી ઉતારેલ માલસામાન લઈ જવા દેવામાં આવશે.

૨૨. ભાવપત્રક મંજુર થયેથી વર્કઓર્ડરની તારીખથી દિન –૧૦ (દસ) માં મંજુર ભાવપત્રક / ટેન્ડર રકમના ૨% પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટ ફકત રોકડા જમા કરાવવાના રહેશે.

૨૩. જો આ કામ બાબતે તકરાર ઉભી થાય તો તેવા સંજોગોમાં મેટર સુરત સીવીલ કોર્ટમાં પડકારી શકાશે.

૨૪. મિલ્કત ઉતારવા માટે ઉપર જણાવ્યા મુજબની શરતો અર્થઘટન બાબતના કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય નિર્ણાયાત્મક તેમજ બંધનકર્તા રહેશે.

૨૫. મે. કમિશ્નરશ્રીની નોંધ નં. સી.એન./૫૨, તા. ૦૧/૦૬/૨૦૧૬ અનુસાર ડીમોલીશન દરમ્યાન ઈજારદાર/કોન્ટ્રાકટરે યોગ્ય રીતે સી.એન્ડ ડી. વેસ્ટનો નિકાલ કરવાનો રહેશે તેમજ સદર કામગીરી દરમ્યાન બનતા કન્સ્ટ્રકશન અને ડીમોલેશન વેસ્ટ(સી. એન્ડ ડી. વેસ્ટ) ના નિકાલ કરવા બાબતે બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

૨૬. કરારનામા માટે રૂા.૩૦૦/– + ૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર પર રજુ કરી કરારનામું કરવાનું રહેશે.

૨૭. જામીનગીરી આપવા માટે રૂા.૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર પર રજુ કરી જામીનગીરી આપવાની રહેશે.

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

ઉપરોકત તમામ શરતો મે વાંચી, સમજી વિચારીને જાણમાં લીધી છે. તે અને તે સર્વે શરતો મને બંધનકર્તા રહેશે.

**ઈજારદારની સહી :–**

**સરનામુ :–**

# સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન (રાંદેર)
## –: ટેકનીકલ બીડ :–

**કામનું નામ :–** પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ ઈચ્છાપોર ગામ માં આવેલ આંગણવાડી કેન્દ્ર નં– ઈચ્છાપોર ૧, ઈચ્છાપોર ર, ઈચ્છાપોર ૪, ઈચ્છાપોર ૫ અને ઈચ્છાપોર ૬ તથા ભાટપોર ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્ર નં– ભાટપોર ર ના જર્જરીત મકાનને તોડી પાડવાનું કામ.

ઈજારદારનું નામ :–

સરનામુ :–

| ઈજારદારના સહી સિકકા સાથે ફોટા |
| --- |
| |

| | | | |
| --- | --- | --- | --- |
| પાર્ટનરશીપ એજન્સી | માટે દરેક પાર્ટનરનાં | ફોટા સહી સાથે | અહી ચોંટાડવા |

| પાર્ટનરના સહીના નમુના | સરનામું : |
| --- | --- |
| ૧. | |
| ર. | |
| ૩. | |
| ૪. | |

**નોંધ :–** પાર્ટનરશીપ એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવા ફરજીયાત છે.

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકા

પશ્ચિમ ઝોન (રાંદેર)

(હાઉસીંગ વિભાગ)

—: પ્રાઈઝ બીડ :—

# Cover -2

**સુરત મહાનગરપાલિકા**

**પશ્ચિમ ઝોન (રાંદેર)**

**(હાઉસીંગ વિભાગ)**

હું નીચે સહી કરનાર શ્રી ................................................................. ........................................ જણાવુ છું કે ઉપરોકત વિષયમાં જણાવેલ પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ ઈચ્છાપોર ગામ માં આવેલ આંગણવાડી કેન્દ્ર નં– ઈચ્છાપોર ૧, ઈચ્છાપોર ૨, ઈચ્છાપોર ૪, ઈચ્છાપોર ૫ અને ઈચ્છાપોર ૬ તથા ભાટપોર ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્ર નં– ભાટપોર ૨ ના જર્જરીત મકાન **સ્થળ** નિરિક્ષણ દરમ્યાન જોયેલ છે તેમજ **સદર ઓફર રકમમાં મિલ્કતમાં હયાત ફર્નીચર, ઈલેકટ્રીકલ આઈટમો, ફાયર ફાઈટીંગને લાગત આઈટમો તથા કંમ્પાઉન્ડ વોલ ની આઈટમોનો સમાવેશ કર્યા સિવાય** તથા આજુબાજુની મિલકત, રાહદારીઓ અને સ્થળ પર કામદારોની સલામતી ધ્યાને લઈ મિલકત ઉતારી મારા પોતાના જોખમે અને ખર્ચે લઈ જવા માટે સંમતિ આપુ છું અને તે માટે સુરત મહાનગરપાલિકા ને હું રૂા.................................. અંકે રૂપિયા (શબ્દ માં) ................................................................................................ આપવા સંમત છું.

ઉપરોકત ભાવપત્રક માટે સુરત મહાનગરપાલિકાની શરતો અને નિયમો મને બંધનકર્તા રહેશે.

**ઈજારદારની સહી અને સીકકો :–**

**કાર્યપાલક ઈજનેર**
**પશ્ચિમ ઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**